# NE–993/F

Seat No. _____

## Third Year B. A. Examination

April / May – 2003

## Economics : Paper – X

*(Accountancy)*

Time : Hours] [Total Marks :

**સૂચના :** **જમણી** બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

૧ *શ્રી જય પટેલ*ના રોકડમેળ મુજબ તા. ૩૧-૩-૦૩ના રોજ બૅન્ક સિલક રૂ. ૯,૦૦૦ હતી. પાસબુકની સિલક સાથે તે મળતી ન હતી. તપાસ કરતાં માલૂમ પડ્યું કે : **૧૦**

(૧) તેમણે રૂ. ૨,૦૦૦નો એક ચેક બૅન્કમાં ભરણામાં મોકલેલો, જે બૅન્કે તા. ૨-૪-૦૩ના રોજ પાસબુકમાં જમા કર્યા છે.

(૨) તેમણે રૂ. ૧,૦૦૦નો એક ચેક તા.૨૮-૩-૦૩ના રોજ લખ્યો હતો, પરંતુ તે હજુ બૅન્કમાં રજૂ થયો નથી.

(૩) બૅન્કે તેમના વતી રૂ. ૨૦૦ પ્રીમિયમ ભર્યું હતું અને રૂ. ૫૦૦ અરવિંદ મિલના શૅર પર હપતાના ભર્યા હતા, જેની નોંધ રોકડમેળમાં થઈ ન હતી.

(૪) બૅન્કે વ્યાજના રૂ. ૧૨૦ તેમના ખાતે જમા કર્યા હતા અને બૅન્ક કમિશનના રૂ. ૨૦ તેમના ખાતે ઉધાર્યા હતા. આ માહિતી તેમને તા. ૩૧-૩-૦૩ સુધીમાં મળી ન હતી.

(૫) રોકડમેળની વ્યય બાજુનો સરવાળો રૂ. ૧૦૦ ઓછો ગણ્યો હતો.

(૬) રૂ. ૫૦ની સ્ટેશનરી રોકડેથી ખરીદેલી, પરંતુ તેની નોંધ ભૂલથી રોકડમેળના બૅન્ક ખાતામાં થઈ હતી.

(૭) એક ગ્રાહકે રૂ. ૮૦૦ બારોબાર *શ્રી જય*ના ખાતામાં જમા કરાવ્યા હતા. આ રકમનું નામું રોકડમેળમાં લખાયું ન હતું.

(૮) બૅન્કે સૂચના મુજબ દેવી હૂંડીના રૂ. ૧,૨૦૦ ચૂકવ્યા હતા, જેની રોકડમેળમાં નોંધ થઈ ન હતી.

ઉપરની વિગતો પરથી તા. ૩૧-૩-૦૩ના રોજનો બૅન્ક સિલકમેળ તૈયાર કરો.

**અથવા**

૧ *શ્રી કુંદન પટેલ*ના તા. ૩૧મી માર્ચ, ૨૦૦૩ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હિસાબો બનાવતી વખતે નીચેની ભૂલો શોધી કાઢવામાં આવી છે, તે કેવી રીતે સુધારશો ? ૧૦

(૧) *શ્રી શાહ* પાસેથી રૂ. ૧,૫૦૦નો માલ ઉધાર ખરીદેલ, જેનું નામું ભૂલથી વેચાણનોંધમાં લખ્યું છે.

(૨) *રેણુકા*ને આપેલા રૂ. ૫૦૦ *રંજન* ખાતે ઉધાર્યા છે.

(૩) નવું યંત્ર ગોઠવવા માટે ચૂકવેલી મજૂરીના રૂ. ૭૫૦ મજૂરી ખાતે ઉધાર્યા હતા.

(૪) વેચાણ માલ પરત નોંધનો માર્ચ માસનો સરવાળો રૂ. ૧૦૦ વધુ ગણ્યો છે.

(૫) મહેતાજી *શ્રી ભરત*ને તેમના પગારના ચૂકવેલા રૂ. ૮૦૦ તેમના અંગત ખાતે ઉધાર્યા છે.

(૬) સામાન્ય ખર્ચના ચૂકવેલ રૂ. ૧૮ની રકમ તે ખાતે રૂ. ૧૧૮ લેખે ખતવેલ છે.

(૭) સ્ટેશનરી ખર્ચના ચૂકવેલા રૂ. ૧૦૦ સ્ટેશનરી ખાતે બે વખત ખતવાયેલ છે.

(૮) *અતુલ*ને ઉધાર વેચેલ રૂ. ૪૫૦ની રકમની નોંધ ખરીદનોંધમાં રૂ. ૫૪૦ તરીકે થઈ છે.

(૯) ઉપાડ ખાતાની બાકી રૂ. ૧,૦૦૦ કાચા સરવૈયામાં જમાબાકીના ખાનામાં દર્શાવવામાં આવી છે.

૨ અંજના કં. લિ.ની સત્તાવાર થાપણ રૂ. ૨,૦૦,૦૦૦ની હતી, જે રૂ.૧૦નો એક એવા ૨૦,૦૦૦ ઈક્વિટી શૅરમાં વહેંચાયેલી હતી. બધા જ શૅર મૂળકિંમતે બહાર પાડવામાં આવ્યા, જેના નાણાં નીચે મુજબ ભરવાના હતાં : ૧૦

અરજી સાથે......................... રૂ. ૩

મંજૂરી સાથે......................... રૂ. ૨

પ્રથમ હપતા સાથે................ રૂ. ૩

બીજા હપતા સાથે................ રૂ. ૨

બધા શૅર પર પૂરેપૂરા નાણાં મળી ગયા, સિવાય કે એક સભ્યના ૧૦૦ શૅર પર બંને હપતાનાં નાણાં મળ્યાં નહીં.

આર્ટિકલ્સની જોગવાઈ મુજબ ડિરેક્ટરોએ આ શૅર જપ્ત કર્યા. પાછળથી ડિરેક્ટરોએ આ શૅર, શૅરદીઠ રૂ. ૮ રોકડા લઈને પૂરેપૂરા ભરપાઈ થયેલા તરીકે બહાર પાડ્યા.

ઉપરના વ્યવહારો નોંધવા કંપનીના ચોપડે આમનોંધ લખો.

**અથવા**

૨ ટૂંક નોંધ લખો : ૧૦

(૧) પ્રીમિયમથી શૅર બહાર પાડવા

(૨) વટાવથી શૅર બહાર પાડવા

(૩) શૅરજપ્તી.

૩ નીચે આપેલા વ્યવહારો પરથી *શ્રી મયંક*નો બેઠોમેળ તૈયાર કરો : ૧૬

વિક્રમ સંવત ૨૦૫૯

| | |
|---|---|
| ફાગણ સુદ ૧ | રૂ. રોકડ સિલક રૂ. ૧૦,૨૦૦ અને બૅન્કમાં સિલક રૂ. ૧૫,૦૦૦. |
| ફાગણ સુદ ૨ | રૂ. ૫૦,૦૦૦ રોકડા ધંધામાં લાવ્યા, જેમાંથી રૂ. ૪૦,૦૦૦ બૅન્કમાં ભર્યા. |
| ફાગણ સુદ ૩ | રૂ. ૫,૦૦૦નો માલ દીપક પાસેથી ખરીદ્યો. |
| ફાગણ સુદ ૫ | રૂ. ૮,૦૦૦નો માલ દિનેશને શાખ પર વેચ્યો. |
| ફાગણ સુદ ૮ | રૂ. ૪,૦૦૦નું ફર્નિચર પાટણ ફર્નિચર માર્ટમાંથી ખરીદ્યું. |
| ફાગણ સુદ ૧૨ | રૂ. ૧૦,૦૦૦નો માલ વિનોદ પાસેથી ખરીદ્યો. અડધી રકમ ચૂકવી જ્યારે બાકીની રકમ ૧૦ દિવસ બાદ ચૂકવવાનું કહ્યું. |
| ફાગણ સુદ ૧૫ | જયંત પાસેથી દલાલીના રૂ. ૮૦૦નો ચેક મળ્યો, જે બૅન્કમાં ભર્યો. |
| ફાગણ વદ ૨ | અંગત ઉપયોગ માટે રૂ. ૧,૦૦૦ દુકાનમાંથી લીધા. |

| | | |
|---|---|---|
| ફાગણ વદ | ૪ | દયાલ પાસે રૂ. ૧,૦૧૨ના લેણાં પેટે તેણે ચૂકતે હિસાબે રૂ. ૧,૦૦૦ મોકલાવ્યા. |
| ફાગણ વદ | ૭ | વિનોદને બાકીની રકમ ચૂકવી દીધી. |
| ફાગણ વદ | ૧૦ | વિમલ પાસે લેવાના રૂ. ૨,૦૦૦ ચૂકવવા માટે વિરાટ કબૂલ થયા. |
| ફાગણ વદ | ૧૨ | રંગીલાને રૂ. ૫,૦૦૦નો માલ ૧૦% વેપારી વટાવે વેચ્યો. |
| ફાગણ વદ | ૧૩ | વકરો રૂ. ૩,૦૦૦, ખરીદી રૂ. ૨,૦૦૦ |
| ફાગણ વદ | ૧૪ | શાંતિલાલને રૂ. ૧,૦૫૦ હિસાબ પેટે આપવાના હતા, જે પેટે રૂ. ૧,૦૦૦ રોકડા આપી હિસાબ ચૂકતે કર્યો. |
| ફાગણ વદ | ૦)) | સાંજે સિલક ગણતાં રૂ. ૧,૦૦૦ ઓછા માલૂમ પડ્યા. |

**અથવા**

૩ તફાવત આપો : ૧૬

(૧) રોજમેળ અને બેઠોમેળ

(૨) ઉધારનોંધ અને જમાનોંધ

(૩) ઉબળેક અને ઉપર ટપકે

(૪) શ્રી શાહ ખાતું અને શ્રી તલસમાત ખાતું.

૪ નીચેની બાકીઓ એક જ ઉદ્યોગની બે કંપનીઓ અંગે લેવામાં આવી છે : ૧૪

| | *કેતન લિ.* | *વિરલ લિ.* |
|---|---|---|
| | *રૂ.* | *રૂ.* |
| ઈક્વિટી શૅરમૂડી | ૩,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ |
| ૧૦%ની પ્રેફરન્સ શૅરમૂડી | ૨,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |

| | | |
|---|---|---|
| અનામતો | ૧,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| ૮%ના ડિબેન્ચર | ૨,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦૦ |
| બૅન્ક ઑવરડ્રાફ્ટ | ૧,૦૦,૦૦૦ | ૮૦,૦૦૦ |
| લેણદારો | ૮૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| દેવીહૂંડીઓ | ૨૦,૦૦૦ | ૭૦,૦૦૦ |
| મકાન | ૪,૦૦,૦૦૦ | ૫,૦૦,૦૦૦ |
| યંત્રો | ૨,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦૦ |
| ફર્નિચર | ૧,૦૦,૦૦૦ | ૫૦,૦૦૦ |
| દેવાદારો | ૧,૨૫,૦૦૦ | ૨,૨૫,૦૦૦ |
| સ્ટૉક | ૧૫૧૦૦૦ | ૧,૬૮,૦૦૦ |
| રોકડ અને બૅન્ક સિલક | ૨૪૦૦૦ | ૭,૦૦૦ |

બંને કંપનીઓના નીચેના હિસાબી ગુણોત્તરોની ગણતરી કરો :

(૧) ચાલુ ગુણોત્તર

(૨) પ્રવાહી ગુણોત્તર

(૩) માલિકી ગુણોત્તર

(૪) દેવા-ઇક્વિટી ગુણોત્તર

(૫) મૂડી ગિયરિંગ ગુણોત્તર.

**અથવા**

૪ (અ) બૅન્કના પાકાં સરવૈયાંનો નમૂનો સુધારેલા ફૉર્મમાં તૈયાર કરો. **૧૪**

(બ) નોંધ લખો : આદર્શ મૂડીમાળખું **અથવા** ડિવિડન્ડ નીતિ.

૫ નીચેની માહિતી પરથી પડતરપત્રક તૈયાર કરો : ૧૦

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| કાચામાલની ખરીદી | ૨,૫૦,૦૦૦ | ભાડું (ઑફિસ ૪૦%, | |
| ફેક્ટરી સ્ટૉર્સ | ૮૦૦ | ફેક્ટરી ૬૦%) | ૨૦,૦૦૦ |
| શૉરૂમના ખર્ચા | ૧૬,૦૦૦ | ઘસારો : | |
| ઑડિટ ફી | ૮,૦૦૦ | યંત્રો | ૭,૦૦૦ |
| મજૂરી : પ્રત્યક્ષ | ૧,૨૦,૦૦૦ | ઑફિસ કૉમ્પ્યૂટર | ૪,૦૦૦ |
| પરોક્ષ | ૯,૨૦૦ | ડિલિવરી વાન | ૧૦,૦૦૦ |
| આખરનો સ્ટૉક : | | મૅનેજરનો પગાર | ૩૦,૦૦૦ |
| કાચો માલ | ૧૨,૦૦૦ | સેલ્સમેનનું કમિશન | ૮,૦૦૦ |
| અર્ધતૈયાર માલ | ૬,૦૦૦ | શરૂઆતનો સ્ટૉક : | |
| આવકમાલ ગાડાભાડું | ૮,૦૦૦ | કાચો માલ | ૩૦,૦૦૦ |
| જાવકમાલ ગાડાભાડું | ૩,૦૦૦ | અર્ધ-તૈયાર માલ | ૧૦,૦૦૦ |
| | | આવકવેરાની જોગવાઈ | ૪૦,૦૦૦ |

મૅનેજરનો પગાર કારખાના, ઑફિસ અને વેચાણ વચ્ચે અનુક્રમે ૫ : ૩ : ૨ના પ્રમાણમાં ફાળવવાનો છે.

વર્ષ દરમિયાન ૨૦૦૦ એકમોનું ઉત્પાદન કરવામાં આવ્યું હતું અને તેમાંથી ૧,૮૦૦ એકમો, એકમદીઠ રૂ. ૫૦૦ના ભાવે વેચવામાં આવ્યા હતા.

**અથવા**

૫ સમજાવો : ૧૦

(૧) પ્રત્યક્ષ અને પરોક્ષ મજૂરી

(૨) ઑફિસના શિરોપરી ખર્ચા અને ઑફિસ પડતર

(૩) વેચાણના ખર્ચા અને વહેંચણીના ખર્ચા

(૪) અર્ધતૈયાર માલનું મૂલ્યાંકન.

૬ *કૃતિ લિ.*ની નીચેની માહિતી મળી છે : ૧૦

રૂ.

| | |
|---|---|
| વેચાણ | ૧,૫૦,૦૦૦ |
| સ્થિર ખર્ચા | ૬૦,૦૦૦ |
| ચલિત ખર્ચા | ૯૦,૦૦૦ |

ગણતરી કરો :

(૧) નફા-જથ્થાનો ગુણોત્તર

(૨) સમતૂટ બિંદુ

(૩) રૂ. ૨,૪૦,૦૦૦ના વેચાણનો નફો

(૪) રૂ. ૭૨,૦૦૦ નફો મેળવવા જરૂરી વેચાણ

(૫) જો વેચાણ કિંમતમાં ૧૦% ઘટાડો કરવામાં આવે તો નવું સમતૂટ-બિંદુ.

**અથવા**

૬ સમજાવો : ૧૦

(૧) સ્થિર ખર્ચા

(૨) ચલિત ખર્ચા

(૩) સીમાન્ત પડતર

(૪) ફાળો

(૫) સમતૂટ બિંદુ.

## ENGLISH VERSION

**Instruction :** Figures to the **right** indicate the marks of the question.

1 *Shri Jay Patel's* cash book shows the bank balance of Rs. 9,000 on 31-3-'03. It did not tally with the balance in the pass book. On comparison, it was found that : **10**

(1) He has paid a cheque of Rs. 2,000 into the bank, but the bank has credited it on 2-4-'03 in the pass book.

(2) He has drawn a cheque of Rs. 1,000 on 28-3-'03 but it has not been presented to the bank till 31-3-'03.

(3) The bank has paid Rs. 200 as insurance premium and Rs. 500 as call money on *Arvind Mill* shares, which were not recorded in cash book.

(4) Bank has debited Rs. 120 for interest and Rs. 20 for bank commission. He did not receive this information till 31-3-'03.

(5) The payments side of the cash book was undercast by Rs. 100.

(6) Stationery of Rs. 50 was purchased for cash but was entered in the bank column of cash book through mistake.

(7) A customer has directly deposited Rs. 800 in Jay's account. This was not recorded in the cash book.

(8) Bank has paid Rs. 1,200 on a bill payable as per instruction. This was not recorded in cash book.

From the particulars given above, prepare the bank reconciliation statement on 31-3-'03.

**OR**

**1** Following errors were discovered while preparing the final accounts of Shri *Kundan* Patel for the year ending 31st March, 2003. How will you rectify them ? **10**

(1) Goods of Rs. 1,500 purchased on credit from Shri Shah has been entered in sales book through mistake.

(2) Rs. 500 paid to *Renuka* has been debited to *Ranjan*'s account.

(3) Wages Rs. 750 paid for erecting a new machine has been debited to the Wages Account.

(4) The total of the sales returns book for March has been overcast by Rs. 100.

(5) Salary of Rs. 800 paid to the accountant *Shri Bhart* has been debited to his personal account.

(6) General expenses of Rs. 18 has been posted to that account as Rs. 118.

(7) Rs. 100 paid for stationery expenses has been posted twice to the stationery account.

(8) Goods worth Rs. 450 sold to *Atual* on credit is recorded as purchase of Rs. 540 in the purchase book.

(9) The balance of Rs. 1,000 of the Drawing Account has been shown in the credit balance column in the trial balance.

**2** The authorised capital of *Anjana Co. Ltd.* was Rs. 20,00,000 divided into 20,000 equity shares of Rs. 10 each. All shares were issued at par. Which the amount was payable as under : **10**

On application ........................... Rs. 3

On allotment ............................. Rs. 2

On first call .............................. Rs. 3

On second call .......................... Rs. 2

Money due on all the shares was received except two calls on 100 shares of one member. Directors forfeited these shares according to provisions of Articles. Later on the directors reissued them as fully paid at Rs. 8 per share in cash.

Give journal entries in the books of the company.

**OR**

**2** Write short notes on : **10**

(1) Issue of shares at a premium.

(2) Issue of shares at a discount.

(3) Forfeiture of shares.

**3** Prepare Bethomel of *Shri Mayank* from the following transactions : **16**

V. *Samvat* 2059

| | | | |
|---|---|---|---|
| Falgum | Sud | 1 : | Cash balance Rs. 10,200 and Bank balance Rs. 15,000. |
| " | " | 2 : | An additional capital brought in business Rs. 50,000 in cash of which Rs. 40,000 is deposited in Bank. |
| " | " | 3 : | Purchased goods from *Deepak* Rs. 5,000. |
| " | " | 5 : | Sold goods to *Dinesh* on credit Rs. 8,000. |
| " | " | 8 : | Purchased furniture worth Rs. 4,000 from *Patan* Furniture Mart. |
| " | " | 12 : | Purchased goods of Rs. 10,000 from *Vinod*. Half the amount is paid immediately and the balance was to be paid after 10 days. |
| " | " | 15 : | Received a cheque of Rs. 800 from *Jayant* for commission which was paid into bank. |
| " | Vad | 2 : | Withdrew Rs. 1,000 from shop for personal use. |
| " | " | 4 : | *Dayal* sent Rs. 1,000 in full settlement of his dues of Rs. 1,012. |
| " | " | 7 : | Paid the remaining amount to Vinod. |
| " | " | 10 : | *Virat* agreed to pay to us Rs. 2,000 which was due from *Vimal*. |

" " 12 : Sold goods Rs. 5,000 to *Rangila* on credit at 10% trade discount.

" " 13 : Sales Rs. 3,000, purchases of Rs. 2,000.

" " 14 : Settled *Shantilal's* A/c for Rs. 1,050 by giving him Rs. 1,000.

" " 0)) A shortage of Rs. 1,000 was found in the cash book, while tallying cash balance.

**OR**

**3** Distinguish between : **16**

(1) *Rojmel* and *Bethomel*

(2) *Udhar Nondh* and *Jama Nondh*

(3) *Ublec* and *Uper Tapke*

(4) *Shri Shah Khatun* and *Shri Tasalmat Khatun.*

**4** The following balances are taken from the accounts of two companies in the same industry : **14**

| | ***Ketan Ltd.*** | ***Viral Ltd.*** |
|---|---|---|
| | ***Rs.*** | ***Rs.*** |
| Equity share capital | 3,00,000 | 4,00,000 |
| 10% preference share capital | 2,00,000 | 1,00,000 |
| Reserves | 1,00,000 | 1,50,000 |
| 8% debentures | 2,00,000 | 2,00,000 |
| Bank overdraft | 1,00,000 | 80,000 |

| | | |
|---|---|---|
| Creditors | 80,000 | 1,00,000 |
| Bills payable | 20,000 | 70,000 |
| Buildings | 4,00,000 | 5,00,000 |
| Machinery | 2,00,000 | 1,50,000 |
| Furniture | 1,00,000 | 50,000 |
| Debtors | 1,25,000 | 2,25,000 |
| Stock | 1,51,000 | 1,68,000 |
| Cash and bank balance | 24,000 | 7,000 |

Calculate the following accounting ratios for both the companies :

(1) Current ratio

(2) Liquidity ratio

(3) Proprietary ratio

(4) Debt-equity ratio

(5) Capital gearing ratio.

**OR**

4 (a) Give the proformas of the balance-sheet of a bank in revised form. **14**

(b) Write notes on :

Ideal capital structure

**OR**

Dividend policy.

**5** Prepare a cost-sheet from the following information : **10**

| | ***Rs.*** | | ***Rs.*** |
|---|---|---|---|
| Purchases of raw materials | 2,50,000 | Rent (office 40%, factory 60%) | 20,000 |
| Factory stores | 800 | Depreciation : | |
| Show-room expenses | 16,000 | Machinery | 7,000 |
| Audit fees | 8,000 | Office computer | 4,000 |
| Wages : | | Delivery van | 10,000 |
| Direct | 1,20,000 | Manager's salary | 30,000 |
| Indirect | 9,200 | Salesmen's commission | 8,000 |
| Closing stock : | | Opening stocks : | |
| Raw material | 12,000 | Raw materials | 30,000 |
| Semi-finished goods | 6,000 | Semi-finished goods | 10,000 |
| Carriage inwards | 8,000 | Provision for income-tax | 40,000 |
| Carriage outwards | 3,000 | | |

The manager's salary is to be allocated to the factory, the office and the sales in the ratio of 5:3:2 respectively.

During the year 2,000 units were produced and 1,800 units were sold at Rs. 500 per unit.

**OR**

**5** Explain : **10**

(1) Direct and indirect wages

(2) Office overheads and office cost

(3) Selling expenses and distribution expenses

(4) Valuation of semi-finished goods.

**6** The following information is available of *Kruti* Ltd. : **10**

| | ***Rs.*** |
|---|---|
| Sales .................................... | 1,50,000 |
| Fixed expenses ...................... | 60,000 |
| Variable expenses ................ | 90,000 |

**Calculate :**

(1) Profit volume ratio

(2) Break even point

(3) Profit at the sales of Rs. 2,40,000

(4) Necessary sales to earn a profit of Rs. 72,000

(5) New break-even point of the selling price is decreased by 10%.

**OR**

**6** Explain : **10**

(1) Fixed expenses

(2) Variable expenses

(3) Marginal cost

(4) Contribution

(5) Break-Even point.